# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના દેડિયાપાડા ખાતે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીય ઉજવણીમાં ભાગ લેશે

2) બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDAએ 202 બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી

3) વિશેષ મતદાર સુધારણા ઝુંબેશમાં 46 કરોડથી વધુ મતગણતરી ફોર્મનું વિતરણ કરાયું

4) ભારતીય બેડમિન્ટન ખેલાડી લક્ષ્ય સેને કુમામોટો માસ્ટર્સ જાપાન ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો

5) ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના બીજા દિવસે આજે ભારત પોતાની પહેલી ઈનિંગને આગળ વધારશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના નર્મદા જિલ્લાના દેડિયાપાડા ખાતે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ નિમિત્તે યોજાઈ રહેલા જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં ભાગ લેશે. આ પ્રસંગે શ્રી મોદી નવ હજાર 700 કરોડથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરશે.

પ્રધાનમંત્રી પ્રસિદ્ધ દેવમોગરા ધામ ખાતે માતાજીના દર્શન કરશે તેમ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

(બાઇટ- હર્ષ સંઘવી)

શ્રી મોદી પ્રધાનમંત્રી જનજાતિય આદિવાસી ન્યાય મહા અભિયાન પીએમ-જનમન અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત એક લાખ લાભાર્થીઓ માટેના ગૃહ-પ્રવેશ સમારોહમાં ભાગ લેશે. પ્રધાનમંત્રી આદિવાસી વિસ્તારોમાં 748 કિલોમીટરના નવા રસ્તાઓ અને સમુદાય કેન્દ્રો તરીકે સેવા આપવા માટે 14 આદિવાસી મલ્ટી-માર્કેટિંગ કેન્દ્રોનો શિલાન્યાસ કરશે.

આ પહેલા શ્રી મોદી આજે સવારે સુરતમાં નિર્માણાધીન બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લઈ મુંબઈ-અમદાવાદ હાઇ-સ્પીડ રેલ કોરિડોરની પ્રગતિની સમીક્ષા કરશે. આ ભારતના સૌથી મહત્વાકાંક્ષી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાંનો એક છે. આ પ્રોજેક્ટથી મુંબઈ અને અમદાવાદ વચ્ચેનો મુસાફરીનો સમય લગભગ બે કલાક ઓછો થશે.

# JANJATIYA GAURAV DIVAS

સમગ્ર દેશમાં આજે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ પ્રસંગે આદિવાસી ગૌરવ દિવસની ઉજવણી કરાઇ રહી છે. કેન્દ્ર સરકારે 15 નવેમ્બરને આદિવાસી ગૌરવ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું, જે વિવિધ મંત્રાલયો અને રાજ્યોમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રદર્શનો અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે ઉજવવામાં આવે છે જે આદિવાસી નાયકોના વારસાને જીવંત કરે છે.

# MORN BIHAR-RESULT

બિહાર વિધાનસભા ચૂંટણીમાં સત્તારૂઢ NDA એ 202 બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી  છે. ચૂંટણી પંચે ગઈકાલે રાત્રે બધી 243 બેઠકોના પરિણામો જાહેર કર્યા.

ભારતીય જનતા પાર્ટી 89 બેઠકો જીતીને સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી છે. મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વમાં તેના સાથી પક્ષ, જનતા દળ (યુનાઇટેડ) એ 85 બેઠકો જીતી છે. કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનના નેતૃત્વમાં લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) એ 19 બેઠકો જીતી છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી જીતન રામ માંઝીના નેતૃત્વમાં હિન્દુસ્તાની આવામ મોરચા (ધર્મનિરપેક્ષ) એ પાંચ બેઠકો જીતી છે, જ્યારે ઉપેન્દ્ર કુશવાહાના નેતૃત્વમાં રાષ્ટ્રીય લોક મોરચાએ ચાર બેઠકો જીતી છે.

નાયબ મુખ્યમંત્રીઓ સમ્રાટ ચૌધરી અને વિજયકુમાર સિંહા, મંત્રીઓ પ્રેમ કુમાર, મહેશ્વર હજારી, સંજય સરાઓગી અને ભાજપના મૈથિલી ઠાકુર NDA ના મુખ્ય વિજેતાઓમાં સામેલ છે.

રાષ્ટ્રીય જનતા દળના નેતૃત્વમાં મહાગઠબંધન, ફક્ત 35 બેઠકો જીતી છે. રાષ્ટ્રીય જનતા દળે 25 બેઠકો, કોંગ્રેસે છ, ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી-માર્ક્સવાદી-લેનિનવાદી (લિબરેશન) એ બે અને ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી-લેનિનવાદી) અને ભારતીય સંવાદ પાર્ટીએ એક-એક બેઠક જીતી છે. ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM) એ પાંચ બેઠકો, જ્યારે બહુજન સમાજ પાર્ટીએ એક બેઠક જીતી છે.

RJD નેતા અને મહાગઠબંધનના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તેજસ્વી યાદવ અને CPI-ML લિબરેશનના સંદીપ સૌરવ વિપક્ષ તરફથી મુખ્ય વિજેતાઓમાં સામેલ છે. બિહાર ચૂંટણીમાં પ્રશાંત કિશોરની જન સૂરજ પાર્ટી એક પણ બેઠક મેળવી શકી નથી.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં આ મહિનાની છઠ્ઠી અને અગિયારમી તારીખ એમ બે તબક્કાની ચૂંટણીમાં 67 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું.

## PM-ADDRESS-BIHAR WIN

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે બિહાર વિધાનસભા ચૂંટણીમાં મળેલી જીત વિકાસની રાજનીતિનો જનાદેશ છે.

નવી દિલ્હીમાં ભાજપ મુખ્યાલયમાં પાર્ટીના કાર્યકરોને સંબોધતા શ્રી મોદીએ રેકોર્ડ સંખ્યામાં મતદાન કરીને લોકશાહી અને ચૂંટણી પંચમાં વિશ્વાસ દર્શાવવા બદલ લોકોને અભિનંદન આપ્યા. તેમણે તેને લોકશાહીનો વિજય ગણાવ્યો જે દેશની ચૂંટણી પ્રક્રિયામાં વિશ્વાસને વધુ મજબૂત બનાવે છે.

(બાઇટ – પ્રધાનમંત્રી)

શ્રી મોદીએ કહ્યું કે મતદારોએ મતદાર યાદીઓના શુદ્ધિકરણને ભારે સમર્થન આપ્યું છે, અને હવે તમામ પક્ષોની ફરજ છે કે તેઓ તેમના કાર્યકરોને મતદાર યાદીઓ શુદ્ધિકરણ માટે સક્રિય કરે. શ્રી મોદીએ મહાગઠબંધન પર તુષ્ટિકરણ અને વિભાજનકારી રાજકારણનો આરોપ લગાવ્યો.

પ્રધાનમંત્રીએ જમ્મુ અને કાશ્મીરના નાગરોટા અને ઓડિશાના નુઆપાડાના લોકોનો પણ પેટાચૂંટણીમાં ભાજપની જીત બદલ આભાર માન્યો.

દરમિયાન ભાજપ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ કહ્યું કે બિહારના લોકોએ જંગલ રાજને બદલે વિકાસને પસંદ કર્યો છે. પાર્ટી અધ્યક્ષે મહાગઠબંધનની ટીકા કરી હતી. શ્રી નડ્ડાએ પાર્ટી કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે સમાજના તમામ વર્ગોના સમર્થનથી NDAનો વિજય શક્ય બન્યો છે.

## BYPOLL RESULTS

સાત રાજ્યોમાં આઠ વિધાનસભા બેઠકો માટે યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપા અને કોંગ્રેસે બે-બે બેઠકો જીતી છે, જ્યારે આમ આદમી પાર્ટી, ઝારખંડ મુક્તિ મોરચા (JMM), મિઝો નેશનલ ફ્રન્ટ (MIF) અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP) એ એક-એક બેઠક જીતી છે.

જમ્મુ અને કાશ્મીરમાં ભાજપના દેવયાની રાણાએ નાગરોટા વિધાનસભા બેઠક જીતી, પીડીપીના આગા સૈયદ મુન્તઝીર મહેદીએ બડગામ બેઠક જીતી. ભાજપના જય ધોળકિયાએ ઓડિશાના નુઆપાડામાં જીત મેળવી, તેલંગાણામાં કોંગ્રેસના નવીન યાદવ વી.એ હૈદરાબાદમાં જ્યુબિલી હિલ્સ બેઠક જીતી, કોંગ્રેસના પ્રમોદ જૈન ભાયાએ રાજસ્થાનમાં અંતા બેઠક જીતી છે.

ઝારખંડ મુક્તિ મોરચાના ઉમેદવાર સોમેશ ચંદ્ર સોરેને ઝારખંડમાં ઘાટશિલા બેઠક જીતી પંજાબમાં તરનતારન બેઠક પર આમ આદમી પાર્ટીના હરમીત સિંહ સંધુએ જીત મેળવી હતી.

મિઝોરમમાં મિઝો નેશનલ ફ્રન્ટના ઉમેદવાર ડૉ. આર. લલથાંગલિયાનાએ દામ્પા બેઠક જીતી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## ECI-SIR

ચૂંટણી પંચે જણાવ્યું છે કે ચોથી નવેમ્બરથી શરૂ થયેલા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન ઓફ ઇલેક્ટોરલ રોલ્સ (SIR) ઝુંબેશના બીજા તબક્કામાં અત્યાર સુધીમાં 46 કરોડથી વધુ મતગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે.

ઉત્તરપ્રદેશમાં 13 કરોડ 74 લાખથી વધુ અને પશ્ચિમબંગાળમાં સાત કરોડ 40 લાખથી વધુ ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. ચૂંટણી પંચે નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ બીજો તબક્કો શરૂ કર્યો છે જે ચોથી ડિસેમ્બર સુધી ચાલુ રહેશે.

# BADMINTON

ભારતીય બેડમિન્ટન ખેલાડી લક્ષ્ય સેને કુમામોટો માસ્ટર્સ જાપાન ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. પેરિસ ઓલિમ્પિક્સ 2024 સેમિફાઇનલમાં સ્થાન મેળવનાર લક્ષ્ય સેને ગઈકાલે ક્વાર્ટર ફાઇનલમાં સિંગાપોરના ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન લોહ કીન યુને 21-13, 21-17 થી પરાજય આપ્યો.

સેન આજે 2018 એશિયન ગેમ્સના કાંસ્ય ચંદ્રક વિજેતા જાપાનના કેન્ટા નિશિમોટોનો સામનો કરશે. બુધવારે ભારતના ડબલ્સ અને મહિલા સિંગલ્સ મેચ સમાપ્ત થયા પછી, લક્ષ્ય સેન સ્પર્ધામાં એકમાત્ર ભારતીય ખેલાડી બાકી છે.

# MORN IND VS SA TEST CRICKET

કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના બીજા દિવસે આજે ભારત પોતાની પહેલી ઈનિંગને આગળ વધારશે. ગઈકાલે પહેલા દિવસની રમતના અંતે ભારતે એક વિકેટે 37 રન બનાવ્યા હતા. કે.એલ. રાહુલ 13 રન અને વોશિંગ્ટન સુંદર 6 રન સાથે રમતમાં છે.

અગાઉ બેટિંગ કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકાની ટીમ પોતાની પહેલી ઈનિંગમાં 159 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. જસપ્રીત બુમરાહે પાંચ વિકેટ લીધી હતી, જ્યારે મોહમ્મદ સિરાજ અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી હતી.

દક્ષિણ આફ્રિકા સામે ભારતનો ઘરઆંગણે શ્રેણીમાં સારો રેકોર્ડ છે, જેણે 19 ટેસ્ટ મેચમાંથી 11 મેચ જીતી છે. શ્રેણીની બીજી મેચ 22 નવેમ્બરથી ગુવાહાટીમાં રમાશે.

# SHOOTING

શૂટિંગમાં ભૂતપૂર્વ એશિયન ચેમ્પિયન એશા સિંહે ગઈકાલે ઇજિપ્તમાં ISSF વિશ્વઆ ચેમ્પિયનશિપ રાઇફલ અને પિસ્તોલમાં મહિલાઓની 25 મીટર પિસ્તોલ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો. આ તેનો પ્રથમ વ્યક્તિગત સિનિયર વિશ્વ ચેમ્પિયનશિપ મેડલ છે.

દક્ષિણ કોરિયાની વર્તમાન ઓલિમ્પિક ચેમ્પિયન યાંગ જિને સુવર્ણ ચંદ્રક જીત્યો, જ્યારે ચીનની યાઓ કિઆનક્સુને રજતચંદ્રક જીત્યો.

ભારત ત્રણ સુવર્ણ, પાંચ રજત અને ચાર કાંસ્ય ચંદ્રક સાથે મેડલ ટેલીમાં ત્રીજા ક્રમે છે. ચીન પ્રથમ ક્રમે છે અને દક્ષિણ કોરિયા બીજા ક્રમે છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના તમામ અખબારોએ બિહારમાં એનડીએના વિજયના સમાચાર મુખ્ય શીર્ષકમાં લીધા છે.
- દિવ્ય ભાસ્કરનુ મુખ્ય શીર્ષક છે – 14..... નવેમ્બર બિહારમાં કમાલ દિવસ
- ફૂલછાબ લખે છે- બિહારમાં મોદી-નીતિશનો મહાવિજય!
- નવ ગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે - બિહારમાં એનડીએનો વિક્રમી વિજય મહાગઠબંધનનો સફાયો
- ગુજરાત સમાચાર લખે છે - બિહારમાં મોદીની સુનામી: એનડીએનો ડંકો વાગ્યો
- બિહાર એનડીએ - 202 મહાગઠબંધન- 35 - આ સંદેશનું મુખ્ય શીર્ષક છે